વંચાણે લીધા:

(૧) ભારત સરકારના ગૃહ મંત્રાલયના ઓર્ડરનં.૪૦-૩/૨૦૨૦-ડી.એમ-૧(એ), તા-૩૦/૦૯/૨૦૨૦ થી બહાર પાડેલ માર્ગદર્શિકા.

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૧૮/૧૧/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/છ

(૩) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૦૮/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : મશબ/૧૨૨૦/૮૭૪/છ

(૪) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા. ૦૭/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧

---

તાત્કાલિક/અગત્યનું

નં.અજાક/ગ-૧/શિક્ષણ/૨૦૨૧/૨૬૧-૩૦૬
નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા-૦૮/ ૦૧ /૨૦૨૧

પરિપત્ર :

વંચાણ (૧) થી લીધેલ માર્ગદર્શિકા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫ હેઠળ દેશમાં COVID-19ના નિયંત્રણ માટે લોકડાઉનના પગલાને અનુસરીને શાળાઓ ફરી શરૂ કરવા માટે ભારત સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ જે મુજબ કન્ટેનમેન્ટ ઝોનની બહાર આવતી પ્રવૃતિઓમાં શાળાઓ પુન: શરૂ કરવા માટે વંચાણ(૨) થી રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવા ઠરાવેલ. પરંતુ જે – તે સમયે કોરોના મહામારીના કારણે ઉદભવેલ પરિસ્થિતિને ધ્યાને રાખી રાજ્યની શાળા / કોલેજો પુન: શરૂ કરવાનો નિર્ણય સ્થગિત રાખવામાં આવેલ હતો. વંચાણ (૩)થી નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાઓ તા. ૧૧/૦૧/૨૦૨૧થી પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પુન: શરૂ કરવામાં આવે છે. જે અન્વયે શાળાઓના શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

1. તા- ૧૧/૦૧/૨૦૨૧થી તમામ આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે ઓફ લાઈન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્ય ફરીથી શરૂ કરવામાં આવશે. ઓફ લાઈન(ભૌતિક રીતે) શૈક્ષણિક કાર્યમાં હાજરી આપવી વિદ્યાર્થી માટે સ્વૈચ્છિક રહેશે તથા તે માટે સંબધિત શાળાએ વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી શિક્ષણવિભાગના ઠરાવમાં આપેલ નમુનાનું લેખિત સંમતિપત્રક મેળવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓ કલાસમાં ન જોડાય તેઓ માટે ઓન લાઈન અભ્યાસની વ્યવસ્થા શાળાઓ દ્વારા કરવાની રહેશે. તેમજ રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત ચેનલ અને દુરદર્શન ડી.ડી.ગીરનાર પરથી પ્રસારિત થતા શૈક્ષણિક કાર્યક્રમો જોવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના રહેશે.

2. આદર્શ નિવાસી શાળામાં કોવિડ - ૧૯ના કારણે માત્ર ધોરણ. ૧૦ અને ધોરણ. ૧૨ના જ વિદ્યાર્થીઓને શાળાએ બોલવવાના રહેશે.

3. વિદ્યાર્થીઓની સંખ્યા તથા વિષયની જરુરિયાત તેમજ જટિલતા ધ્યાને લઈને શાળાઓએ વર્ગ સંખ્યા ગોઠવવાની રહેશે. બે વિદ્યાર્થીઓ વચ્ચે ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ઓછામાં ઓછું છ ફુટનું અંતર જળવાય તે મુજબ વર્ગખંડમાં બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. વર્ગમાં વધુ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેમ ન હોય તો એક જ ધોરણના વધારાના વર્ગની વ્યવસ્થા કરવાની રહેશે. તે અંગે તકેદારી શાળાના આચાર્યશ્રીએ રાખવાની રહેશે. વધુમાં, કયા વિષય/અભ્યાસક્રમ માટે કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે તે અંગેનો નિર્ણય લેવા માટે શાળાના આચાર્યશ્રી સક્ષમ રહેશે.

4. વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ તમામ કર્મચારીઓએ ફેસ માસ્ક ફરજિયાત રહેશે. અને સતત મોનિટરિંગ દ્વારા કોઈપણ સંક્રમિત અથવા લક્ષણ ધરાવતા વિદ્યાર્થી/શિક્ષક શાળા સંકુલમાં ના પ્રવેશે તેની કાળજી સંબધિત સત્તાધિકારીઓએ લેવાની રહેશે.

5. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રહેતા હોય અથવા પરિવારમાં કોરોના સંક્રમિત કોઇ વ્યકિત હોય તેવા વિદ્યાર્થી કે સ્ટાફ કોઈપણ વ્યકિત શાળામાં હાજર રહી શકશે નહી. કન્ટેન્ટમેન્ટ ઝોનમાં શાળા આવેલી હોય તો શાળા ખોલી શકાશે નહી.

6. છાત્રાલય રસોડા વિભાગના સ્ટાફ, કર્મચારી અને કામદારોએ ફરજિયાત કોરોના ટેસ્ટ કરાવવાનો રહેશે.

ભારત સરકારની ગાઈડલાઈન્સ મુજબ શાળા અને છાત્રાલયમાં રહેઠાણ અંગે નીચે મુજબ જરુરી સુચનો પાલન કરવાના રહેશે.

- વિદ્યાર્થીઓની પથારીઓ માટે ઓછામાં ઓછું છ-ફુટનું અંતર જાળવવાનું રહેશે. વિદ્યાર્થીઓને અલગ-અલગ રાખવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- છાત્રાલયમાં દરેક સમયે સામાજિક/શારીરિક અંતર ફરજિયાત પણે જળવાવું જોઈએ. મહત્વના સ્થળોએ સંકેતો અને સંદેશાઓ દર્શાવવા મહત્વપુર્ણ છે.
- જે વિદ્યાર્થીઓને ઘરે ઓનલાઈન શિક્ષણની કોઈ વ્યવસ્થા નથી અને કોઈપણ મદદ મળતી નથી તેઓને છાત્રાલયમાં પાછા આવવા માટે પ્રાથમિકતા આપી બોલાવવાના રહેશે.
- વિદ્યાર્થી શાળામાં/છાત્રાલયમાં પ્રવેશે એ પહેલા તેઓનું તમામ રીતે સ્ક્રીનિંગ કરવાનું રહેશે. જઓને રોગના ચિહનો ન હોય તેમને જ રહેવા માટે મંજુરી આપવાની રહેશે.
- છાત્રાલયમાં પરિચિત સ્વસ્થ આરોગ્ય ધરાવતા જરુરી કર્મચારી સિવાય તમામ વ્યકિત માટે પ્રવેશ નિષેધ રહેશે.
- છાત્રાલયની નિયમિત પણે સફાઈ કરાવવાની રહેશે.જ અને સંપુર્ણ કેમ્પસને યોગ્ય રીતે સેનેટાઈઝ કરાવવાનું રહેશે.

- જરુરી પ્રમાણમાં સાબુ, સેનેટાઈઝર, માસ્ક અને થર્મલ ગનની વ્યવસ્થા કરવાની રહેશે.
- દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ પાસેથી જરુરી સંમતિ પત્રક મેળવવાના રહેશે. સંમતિપત્રક વગર વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ.
- છાત્રાલય માં કામ કરતા રસોયા/સહાયકે કામ કરતા પહેલા પોતાની અને પરિવારના સભ્યોની આરોગ્ય અંગેની બાહેધરી આપવાની રહેશે.
- સફાઈ, ધોવા,સમારવા,રાંધવા, અને ભોજન પીરસતી વખતે માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે.
- દરરોજ રસોડાની જંતુરહિત સફાઈ કરાવવાની રહેશે.
- પીવાના પાણીની અને હાથ ધોવાની જગ્યાએ કોઈ પણ પ્રકારની ગંદકી ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શિકા અનુસાર સુચનાઓને ધ્યાને રાખી વાલીઓ/વિદ્યાર્થીઓને COVID-19 અંતર્ગત જરુરી માર્ગદર્શન આપવાનું રહેશે.
- શાળામાં સવારની પ્રાર્થના વર્ગખંડમાં જ કરવા સુનિશ્ચિત કરીશું.
- આ સામેલ SOP મુજબ અમલીકરણ કરવાનું રહેશે.
- આ તમામ કાર્યવાહી ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શિકાની ગાઈડલાઈનને અનુસરીને કરવાની રહેશે.( www.education.gov.inપર માર્ગદર્શિકા ઉપલબ્ધ છે.)

સરકારશ્રી તરફથી વખતોવખત જે પણ સૂચનાઓ બહાર પાડવામાં આવે તે તમામનું પાલન કરવાનું રહેશે. ઉકત સૂચનાઓ અંગે શાળા દ્વારા કરવામાં આવેલ જરુરી આયોજનની નકલ સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી મારફત અત્રે મોકલી આપવાની રહેશે. શાળાનો દૈનિક અહેવાલ અને પરિસ્થિતિજન્ય બાબત અંગે સંબધિત જિલ્લાના નાયબ નિયામકશ્રીના સતત પરામર્શમાં રહેવાનું રહેશે.

બિડાણ : ઉપર મુજબ

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના :</u>

૧) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને જાણ સારૂં.

<u>નકલ રવાના:</u>

૧) સંબધિત નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ(તમામ) જાણ તેમજ જરુરી કાર્યવાહી સારુ

૨) સંબધિત આચાર્યશ્રી, આદર્શ નિવાસી શાળા,અનુસૂચિત જાતિ કલ્યાણ(તમામ)ને જરુરી કાર્યવાહી સારુ